નમસ્કાર ગાંધીનગર

પમરાટ

હૈયે તો છું પણ હોઠેથી ભૂલાઈ ગયેલો માણસ છું,
હું મારા ડાબા હાથે ક્યાંક મુકાઇ ગયેલો માણસ છું.
સૌ જાણે છે કે ચાવું છું, હું પાન હંમેશાં મઘમઘતાં,
હર પિચકારીમાં રોજ અહીં થૂંકાઇ ગયેલો માણસ છું !
પાણીનો છે આભાસ એવો લાગું છું સ્વયં દરિયા જેવો,
કંઇ એવી તરસથી રણ જેવો સુકાઈ ગયેલો માણસ છું !

- રાજેશ વ્યાસ 'મિસ્કીન'

પાથેય

- રમેશ ઠક્કર

ઝરણાની ઝંખના...

એકરાર એ આમ તો જીવનના કરાર જેવો હોઇ શકે.આયખાની મજલમાં માણસને અવનવા અનુભવો થતા રહે છે..કોઇ ગણીને એને ગાંઠે બાંધે છે તો કોઇ એમાંથી પદાર્થપાઠ શીખે છે..બાહય અનુભવો દરેકને થતા હોય છે એની મજા છે.પરંતું માણસને જયારે પોતાના આંતરિક જગતનો પરિચય થાય અને એ સમયે જે ભ્રમનિરસન થાય છે એ એક અલગ અનુભવ બની જાય છે..આપણે શું છીએ ? દરેક માણસ પોતાને આ દુનિયામાં મિસફિટ માને છે ! કોઇ આપણી લાગણીની કદર કરતું નથી કે ક્યાંયથી એનો પડઘો પડતો નથી એવું જયારે તીવ્રતાથી એ અનુભવે ત્યારે પોતાની જાતને એ આડે હાથે મૂકાઇ ગઇ હોય એવી લાગણી અનુભવે છે.

માનવીય લાગણીઓ અણમોલ હોય છે..કોઇ ને કોઇ પ્રસંગે આપણે એકબીજાના યાદ કરીએ કે શુભેચ્છાઓનું આદાનપ્રદાન કરીએ ત્યારે એક નવી ઉર્જાનો સંચાર થતો હોય છે..પોતાની રીતે મસ્ત રહેતો માણસ પણ અંદરથી જાણે એક ખાલીપો અનુભવતો રહે છે..એ જાણે ફેંકાઈ દેવાયો હોય અથવા તો પાનની પિચકારી બનીને ફંગોળાઇ ગયો હોય એવા વસવસાનો શિકાર બની જાય છે !

માણસને લીલાછમ રહેવું ગમે છે.ભૌતિક ચીજો કે આધુનિક સુખસગવડો થકી જ સુખની અનુભૂતિ થાય એવું નથી..માણસને મળતો નિર્વ્યાજ સ્નેહ એને જીવાડે છે..ચોતરફ પાણીનો આભાસ થયા કરે છે..એ સાચે જ જો છે કે મૃગજળ એની કશ્મકશ એને સતાવે છે..દરિયા જેવો લાગતો માણસ અંદરથી કોઇક અફાટ રણની પ્યાસ લઇને તડપતો રહે છે..આ મજા છે માનવજીવનની..

એ ઝંખે છે નિર્વ્યાજ પ્રેમ. બિનશરતી માનવસંબંધોની અનોખી હૂંફ હોય છે..હમણાં એક સંશોધન થકી એવું જાણવા મળ્યું કે જે લોકો લાંબુ આયુષ્ય ભોગવે છે એમાં મહત્વનું પરિબળ એને મળતો કુટુંબપ્રેમ કે માનવપ્રેમ હોય છે..એકબીજાને ઉમળકાથી મળતો માનવ એ સાક્ષાત માધવ હોય છે..આપણે એને ખોટી જગ્યાએ શોધતા રહીએ છીએ. માધવ ક્યાંય નથી મધુવનમાં. એ છલકાય છે એકમેકના મનમાં... અનેક વૈભવોથી છલકાતાં શહેરોમાં માણસ એકાકીપણું અનુભવે છે. ક્યારેક ગુંગળાય છે..આપણી ગ્રામ સંસ્કૃતિમાં અનેક અભાવો વચ્ચે પણ માણસો લીલાછમ રહેતા..કેમકે એકબીજાને સહજ બોલાવવા કે લાગણી વ્યક્ત કરવી એ ગામડાઓમાં સ્વાભાવિક હતું..શહેરના આલીશાન બંગલામાં પરાણે પુરેલા વડિલો ગામડાના ગારમાટીના ઘરને યાદ કરતા હોય ત્યારે આપણને એમનો એ વલોપાત સમજાતો નથી..આપણે જયારે એવી નિર્દોષ લાગણીઓ ખુદ અનુભવીએ છીએ ત્યારે આપણે એનો એકરાર કરતા હોઇએ છીએ..દરેકને એક તાંતણે બાંધતું તત્વ એ પ્રેમ છે..નિસ્વાર્થ પ્રેમની તોલે આવે એવું કોઇ સુખ હજુ માનવજાતને મળ્યું નથી એ હકિકત છે..સ્નેહ વગર સૂકાઈ જતો માણસ કોઇ ખળખળ વહેતા ઝરણાની ઝંખના લઇને ફરતો રહે છે..!

અગ્નિપથ હવે કેન્દ્ર સરકાર માટે ગળાની ફાંસ

તંત્રીસ્થાનેથી...

'અગ્નિવીર' જેવો ખૂંખાર યોદ્ધાને છાજે એવો શબ્દપ્રયોગ સેનામાં ભરતી થનાર નવા સવા જુવાનિયા માટે કેટલો ઉચિત ગણાય તે ચર્ચાનો વિષય છે. મોદી શબ્દોના જાદુગર છે એટલે ગુજરાતના મુખ્યમંત્રી પદે હતા ત્યારે પણ વિવિધ સર્કલોને અને રસ્તાઓને રૂપકડાં નામ અપાતા હતા. જો કે એવા નામ લોકજીભે ચડ્યાં જ નથી. લોકો આજે પણ જૂનાં અને પ્રચલિત નામોથી જ ગાંધીનગર કે અમદાવાદના માર્ગો અને સર્કલોને ઓખળે છે. હાં, ગૂગલ મેપમાં જરૂર નવાં નામ સામેલ થઈ ગયા છે જે ડ્રાઈવિંગ કરનાર અલ્પશિક્ષિત ડ્રાઈવરને અટપટાં લાગે છે. 'અગ્નિવીર' વિશે મોદી જી સુધી એક શબ્દ પણ બોલ્યા નથી. એ સંરક્ષણમંત્રી રાજનાથનો વિષય હોઈ એમના ખાતે ચડાવી દીધેલ છે. પરંતુ હકીકતમાં આ યોજના ઘણા વિચાર વિમર્શને અંતે આર્મી પાછળનો ખર્ચ ઘટાડવાના ઈરાદાથી અમલમાં મૂકાયેલ છે. એની વિરુદધ મોટા પાયે વિરોધ થશે અને યુવાનો રસ્તા પર ઊતરી આવશે, ટ્રેનો સળગાવશે કે ચક્કાજામ કરી મોટી હેરાનગતિ ઊભી કરશેએવી તો કોઈને કલ્પના પણ નહીં કરી હોય. આજે પરિસ્થિતિ એ છે કે આખા દેશમાં 'અગ્નિપથ' સળગી ઊઠ્યો છે. બિહારમાં તો નીતીશકુમારનું વહીવટીતંત્ર મૂક પ્રેક્ષક થઈને બેઠું છે અને સહયોગી પાર્ટીના પ્રદેશ પ્રમુખ તથા રાજય સરકારનાં નાયબ મુખ્યમંત્રીના ઘર સામે તોફાન કરીને યુવાનો ભાજપના નેતાઓને ટાર્ગેટ કરી રહ્યા છે. ભાજપના સ્થાનિક નેતાઓને નાછૂટકે પોતાની ભાગીદારી વાળી સરકારના પ્રશાસન વિરુદ્ધ બળાપો કાઢવો પડ્યો છે. જુવાનોનાના આંદોલનનો લાભ વિપક્ષોને મળી રહ્યો છે. સત્તાનાં સમીકરણો બદલાઈ જાય એવી શક્યતા સરજાઈ છે. નીતીશકુમારનું કશું કહેવાય નહીં. અત્યારે ચૂપછે, આગામી ચૂંટણી સુધીમાં તેઓ કયાં હશે એની આગાહી ન તો નરેન્દ્ર મોદી કરી શકે એમ છે નથી ખુદ નીતીશકુમારને એની ખબર. તેઓ ફરી એકવાર બીમાર 'બડે ભૈયા'ને ગળે વળગાડી એમની પ્રાદેશિક પાર્ટી સાથે ગોઠવાઈ શકે છે. વિપક્ષના નેતાઓ આવી ઘટનાની રાહ પણ જોતા જ હોય. મમતા બેનરજી, શરદ પવાર, ચંદ્રશેખર, દક્ષિણ ભારતના અન્ય નેતાઓ અને યશવંતસિંહા જેવા અગ્રણી વિચારશીલ રાજપુરુષોને કેન્દ્ર સરકારે સામે ચાલીને સોનાની તાસકમાં એક મુદ્દો આપી દીધો છે. બીમાર સોનિયા ગાંધીથી લઈ બળવાખોર વરુણ ગાંધીએ 'અગ્નિવીર' યોજના પાછી લઈ લેવાના મુદ્દે આંદોલન કરી રહેલા યુવાનોને સમર્થન જાહેર કર્યું છે. સરકારને પણ એટલું તો સમજાયું છે કે ઉતાવળે જાહેર કરેલી 'અગ્નિપથ' યોજના ધીરે ધીરે એના ગળાની ફાંસ બની રહી છે. જાહેર કરેલ યોજના પાછી ખેંચીને પ્રજા સમક્ષ ચૂંટણીએ 'હાર' સ્વીકારવાનો કિસાન આંદોલન વાળો અનુભવ ફરી દોહરાવવાનું સરકાર કે શાસક પાર્ટીને ગમે નહીં જ, તે સમજી શકાય એવું છે. એટલે ચાર વર્ષની પેન્શન વગરની અને 'પૅકેજ' વાળી નોકરી પછી છૂટા કરાયેલા અને આર્મી-એરફોર્સ કે નેવીમાં નહીં લેવાયેલા અગ્નિવીરો માટે સંરક્ષણ અને ગૃહખાતા સહિતની નોકરીઓમાં અગ્રતાક્રમે તક મળશે એવું મોઘમ આશ્વાસન તોફાને ચડેલી જુવાનીને માત્ર લુખ્ખું પ્રલોભન લાગે છે. સરકાર પાછળથી આવી રાહતો જાહેર કરે છે તેની ભાજપના જ બળવાખોર સાંસદ અને ક્યારેક ગાંધી પરિવારના જ સભ્ય તરીકે માનભેર માતા-પુત્ર બેઉને સંસદની બેઠક ઉપરાંત માતાને મંત્રીપદ આપનાર પાર્ટી અને એની સરકાર સામે જ બાંયો ચડાવે તે નરેન્દ્ર મોદી જેવા લોકપ્રિય નેતા માટે જીરવવું અઘરું છે. અગ્નિપથ યોજના પાછી ખેંચાવા માટે યુવાનો સતત આંદોલન ચાલુ રાખે તો એથી દેશની મિલકતોને ઘણું નુકશાન થશે એ પણ નક્કી છે. રેલવે મંત્રાલયે નાછૂટકે બિહારમાં ટ્રેનો કેન્સલ કરવી પડી છે. ફક્ત પેન્શનની મોટી રકમ બચાવવા માટે જ સરકારે આવો નિર્ણય લીધો હોવાની થિયરી આમ જનતાને પણ ગળે ઊતરે એવી છે. હકીકતમાં સરકારે ડિફેન્સનો વધુ પડતો ખર્ચ બચાવી બેરોજગાર યુવાનોને નોકરી આપવા માટે તથા યોગ્યતા મુજબ એમનામાંથી ચોથા ભાગના યુવાનોને કાયમી કરવા માટે આ યોજના મૂકી છે.

બિનખેતીની પરવાનગીના હુકમમાં સમયમર્યાદાની શરત રદ

(જમીન મહેસૂલ નિમયો, ૧૯૭૨ના નિયમ-૮૭ની શરત નં. ૪ રદ)

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

રાજયમાં હવે ખેતીની જમીન બિનખેતીમાં રૂપાંતરિત કરવામાં આવતા હુકમમાં સમયમર્યાદામાં બાંધકામ કરી ભોગવટાપત્રક મેળવવાની શરત રાખવામાં આવતી સમયમર્યાદામાં જો અરજદાર કે બિલ્ડર દ્વારા બાંધકામ કરવામાં ના આવે તો એન.ઓ.સી. રદ કરવામાં આવતું અને શરત ભંગ ગણી જમીન ઘણી વખત સરકાર હેડે દાખલ કરવામાં આવતી તથા જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૩ તથા ૬૫નો ભંગ ગણી જમીન ૮૪(સી) મુજબની કાર્યવાહી કરવામાં આવતી હતી. હવેથી બાંધકામની સમયમર્યાદાની શરત રાજ્ય સરકારે રદ કરતા આવા શરતભંગનાં કેસો ઉપસ્થિત નહી થાય તેમજ ખેડૂત કે બિલ્ડરને બિનજરૂરી સમયનો, નાણાનો વ્યય થતો અટકશે.

રાજ્યનાં મહેસૂલ વિભાગ દ્વારા શરત ભંગ રદ કરવા બાબતે પરિપત્ર બહાર પાડી રાજ્યનાં કલેક્ટરશ્રી આ સૂચના આપવામાં આવી છે તથા જે કેસો શરતભંગનાં કરવામાં આવ્યા હોય તેવા કિસ્સામાં પણ વ્યાજબી દંડ વસૂલ કરી એન.એ. રેગ્યુલાઈઝ કરવામાં આવશે. આ પરિપત્રથી લાખો ચો.મી. જમીનનાં બાંધકામનાં પ્રશ્નો હલ થશે તથા જમીનનાં વિવાદો ઘટશે.

રાજ્યમાં અત્યાર સુધી બિનખેતીની પરવાનગી મેળવવામાં આવે ત્યારે તે અંગેનાં હુકમમાં સમયમર્યાદા અંગેની જોગવાઈ મૂકવામાં આવતી હતી. મોટાભાગે પ્રમાણપત્ર સક્ષમ ઓથોરીટી પાસેથી મેળવી તેની જાણ જીલ્લા કલેક્ટરશ્રીને કરવાની રહેતી, આવા નિયમનાં કારણે અનેક મુશ્કેલીઓ ઉપસ્થિત થતી હતી. છેલ્લા બે વર્ષથી કોરોનાનાં કારણે બહારનાં રાજ્યનાં મજૂરો ગુજરાત છોડીને જતા રહ્યા હોય તે પરત ના ફરતા બાંધકામ ઉદ્યોગોમાં સ્કીલ મજૂરોની ઘટ પણ બાંધકામ સમયસર પુરૂં ના થવા પાછળ કારણભૂત છે તથા કોરોનાનાં કારણે આર્થિક તંગીનાં કારણે બિલ્ડરો સમયસર પ્રોજેક્ટ પુરો કરી શકેલ નથી તેમજ સમયસર બુકીંગ ના નાણાં ઉઘરાણી કરી શકેલ નથી, જેના કારણે મોટાભાગનાં પ્રોજેક્ટો પુરા કરવામાં વિલંબ થયેલ છે તથા સમયસર બાંધકામ પુરૂં કરી ભોગવટા પ્રમાણપત્ર મેળવી કબજેદારોને ફ્લેટ, દુકાન કે ઓફીસના કબજા સોંપી શકાયા નથી. જેના ઘણા વિવાદો ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, રેરા તથા સરકારશ્રી સમક્ષ ધ્યાને આવતા જનતાનાં હિતમાં બાંધકામની સમયમર્યાદાની શરત રદ કરવામાં આવી છે. જેનાથી મોટાભાગનાં ડેવલોપર્સને ફાયદો થશે.

રાજ્યમાં બિનખેનીના પરવાનગીનાં હુકમોથી બાંધકામની સમયમર્યાદા દર્શાવતી શરત દૂર કરવા અને ગુજરાત જમીન મહેસૂલ નિયમો મુજબ સનદનાં નમૂનામાં સુધારો કરવા માટે સરકારની અનુમતી માટે પ્રાથમિક જાહેરનામું બહાર પાડવામાં આવ્યા બાદ મહેસૂલ વિભાગ દ્વારા સત્તાવાર પરિપત્ર આ અંગેનો બહાર પાડી જીલ્લાનાં તમામ કલેક્ટરશ્રીઓને મોકલી આપવામાં આવશે.

ગુજરાત જમીન મહેસૂલ નિયમો-૧૯૭૨, નિયમ-૮૭ મુજબ સનદનાં નમૂનામાંથી બાંધકારની સમયમર્યાદા દર્શાવતી શરત ક્રમાંક નં. ૪ દૂર કરવામાં આવતાં ગુજરાતનાં ડેવલોપર્સ એસોશિએશનમાં આનંદની લાગણી પ્રવર્તી છે તથા ખેડૂતોની જમીનો એન.એ., એન.ઓ.સી. કરવામાં શરત દૂર થતાં વિકાસની પ્રવૃત્તિ જોગવંતી બનશે તથા નાણાનાં અભાવે પ્રોજેક્ટનાં વિલંબના કારણે જમીન સરકારશ્રી થશે નહિ, તેથી રેવન્યુ કે કોર્ટ લીટીગેશનમાંથી જમીન ડેવલોપ કરનારને રાહત મળશે.

આ ઉપરાંત ગુજરાત જમીન મહેસૂલ સંહિતા-૧૮૭૯ની કલમ-૬૫ મુજબ બિનખેતીની પરવાનગીનાં ઓનલાઈન હુકમોમાંથી બાંધકામ પૂર્ણ કરવાની સમયમર્યાદા દર્શાવતી શરત પણ હવે રદ કરવામાં આવશે.

આ ઉપરાંત ગુજરાત જમીન મહેસૂલ સંહિતા-૧૮૭૯ની કલમ-૬૬, ૬૭નાં શરતભંગના કેસો ચલાવતાં સમયે ગુજરાતઅ મહેસૂલ પંચ તથા અધિક સચીવ જમીન મહેસૂલ વિભાગ સમક્ષની અપીલોમાં પણ આ શરત બદલ જમીન સરકારશ્રી, ગણવામાં આવશે નહિ અને તેમાંથી મુક્તી આપવામાં આવશે.

અનુસંધાન પાના નં. ૭ પર

દિન મહિમા

- આંતરરાષ્ટ્રીય સર્ફિંગ દિવસ
- વિશ્વ શરણાર્થી દિવસ

આજનું ઔષધ

- ઈજા થવા પર કે કોઈ અન્ય કારણથી સોજા આવ્યા હોય તો અશ્વગંધાના પાનને સરસિયાના તેલની સાથે ગરમ કરી સોજાવાળા ભાગે લગાવો. જલ્દી રાહત મળશે.

ખડખડાટ

- છોકરીઃ શું કરો છો?
  છોકરોઃ Army માં છું!
  છોકરીઃ permanent કે ૪ સાલ વાળી?
  "નિશબ્દ યુવા"?

આજનું વોટ્સએપ

- નથી નો આનંદ છોડો..જે છે એનો આનંદ માણો..!

માના જીવનમાં દીકરાનું સ્થાન હંમેશા વિશેષ રહે છે

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

"મુન્નાને નિશાળમાં મૂકવાનો સમય પાકી ગયો છે' - લોકો કહે છે.
એની પા-પા પગલી બહારના વિશ્વ સાથે હાથ મેળવે.
એનો સમય થઈ ગયો છે.
રસ્તા ઉપર ઊભરાતી અસંખ્ય મોટરો, બસો,
સાઈકલોથી બચાવી બચાવી
કોણ એને નિશાળને ઉંબરે મૂકશે - ફૂલની જેમ?
કોણ એના ભેરુ હશે વર્ગમાં? કોઈ તોફાની, જિદ્દી, મશ્કરાઃ
એને હેરાન તો નહીં કરે ને?
મારો મુન્નો ખૂબ શાંત છે. સામો હાથ પણ નહીં ઉપાડે!
કેવી હશે એની ટીચર? પ્રેમથી નીતરતી એની આંખો હશે
કે પછી "ચૂપ બેસો' કહેતી સોટી લઈને ઊભી રહેશે
બે કડક આંખો?
થાય છે. મારા નાનકડાં ઘરમાં જ એક બાળમંદિર સજાવું.
બાળકોને હસતાં-રમતાં ગીત ગાતાં કરું!
અથવા મુન્નાની જોડે રોજ હું એની શાળામાં જઈને બેસું,
ને જોઉં.
પણ, એના પપ્પા હસી પડે છે, કહે છેઃ "તું ગાંડી છે '

દરેક માએ ક્યારેક તો વિખૂટા થવું જ પડે છે. સવાલ માત્ર સમયનો છે!

- વિપીન પરીખ

બાપ-દીકરીના સંબંધ વિશે આપણે ત્યાં ઘણુંબધું લખાયું છે. જો કે, મા-દીકરાનો સંબંધ પણ સાહિત્યકારોની કલમથી સાવ અજાણ્યો તો નથી જ પણ આ બાબતમાં દીકરાની લાગણીઓનું દીકરી કરતા ઓછું આલેખન થયું છે. એના મૂળમાં જઈએ તો જણાય કે પુત્ર, લગ્ન બાદ પુત્રવધૂનો થઈ જાય છે અને "માં"ને ભૂલી જાય છે એમ માનવામાં આવે છે. કોઈ પણ ઘરમાં પ્રથમ બાળકનું સ્થાન હંમેશા વિશિષ્ટ હોય છે. પણ જેવું ઘરમાં બીજા બાળકનું આગમન થાય એટલે તરત જ પ્રથમ બાળક પ્રત્યેનું ધ્યાન થોડું હટી જાય છે. શું આ જ વાત આપણા જીવનમાં આવતાં દરેક નવા સંબંધ સાથે નથી બનતી? પુત્રના લગ્ન કરાવી પુત્રવધૂને લાવવાથી મા-દીકરાના સંબંધ પરથી નવા સંબંધ તરફ ધ્યાન થોડો સમય દોરવાઈ જાય એ વાત સાહજિક છે પરંતુ, સંબંધમાં તિરાડ આવી જાય કે સંબંધ તેની મિઠાશ ગુમાવી બેસે તેમ નથી હોતું.

માના જીવનમાં દીકરાનું સ્થાન હંમેશા વિશેષ રહે છે. તે દીકરાના ઉછેર અને કાળજીમાં પોતાની જાતને એટલી હદે ઓતપ્રોત કરી દે છે કે ઘણીવાર ઘરના અન્ય સભ્યો કે અન્ય સંબંધો પ્રત્યે તેનું ધ્યાન જ નથી હોતું. તે પોતાના પતિને આજીવન સર્વોચ્ચ પુરુષનો દરજ્જો આપતી હોવા છતાં પુત્રનો પ્રેમ તેના માટે સર્વોપરી રહેતો હોય છે. આજના આ મોર્ડન યુગમાં દીકરા-દીકરીમાં બંને એકસમાન છે એ વાત સાચી પણ તેમ છતાં એક મા-દીકરાનું સગપણ આજે પણ સાવ અનોખું જ છે. દીકરાના માટે 'મા' એ તેનું આખેઆખું વિશ્વ હોય છે અને "મા" માટે પણ દીકરો એ પોતાના જીવનનું અમૂલ્ય અંગ હોય છે. દીકરો જયારે યુવાન થવા લાગે ત્યારે ધીરે-ધીરે માની આંગળી છૂટી જાય છે. દીકરા માટે સ્કૂલ, કૉલેજ, નવા-નવા મિત્રો, બહારની આકર્ષક અને રંગબેરંગી દુનિયા આ બધું જ ઘર અને "માંથી દૂર કરનારા પરિબળો સમાન હોય છે. જો કે, એ વાત અત્યંત સહજતાથી આપણે સૌ સ્વીકારીએ છીએ. બહારથી તો 'મા' પણ પુત્રની આ નવી-નવી ઉડાનથી ખુશ થતી હોય છે અને ગૌરવ અનુભવતી હોય છે. પણ મનનાં છાના ખૂણે દીકરાને પોતાનાથી દૂર જતો અનુભવી તે અંદરથી સાવ ભાંગી પડતી હોય છે. તે બહારથી સાવ સહજ હોવાનો દેખાવ કરતી હોય છે પણ અંદરથી તેનું આખુંયે ભાવવિશ્વ છિન્નભિન્ન થઈ રહ્યું છે. સવારથી સાંજ સુધી દીકરાની નાની-મોટી બાબતોનું ધ્યાન રાખવું અને તેમાં જ રચ્યાપચ્યા રહેવું એવો એનો વર્ષોનો નિત્યક્રમ ભંગ થાય ત્યારે બહારથી એ જતાવે છે કે હવે હું થોડી "ફ્રી થઈશ કે રાહત અનુભવીશ પણ અંદરથી તેને એકલતાનો અને શૂન્યતાનો ભયંકર ડર સતાવતો હોય છે.

દીકરાને બહાર ભણવા મોકલે કે વિદેશમાં નોકરી કે વ્યવસાય માટે મોકલે ત્યારે તો 'મા'ના હૃદયમાં વ્યથા અને પીડા હોય જ છે પણ સૌથી વિશેષ પીડા પુત્રના જીવનમાં કોઈ અન્ય સ્ત્રીના આગમન અને પોતાનાથી વિશેષ લાગણી જયારે પુત્ર અન્ય કોઈ સ્ત્રી માટે દર્શાવે ત્યારે થાય છે. લાગણી અને વાત્સલ્યની મૂર્તિ સમાન "મા" તેની પોતાની જ જાણ બહાર કાવાદાવા કરનારી, ઈર્ષ્યાવૃત્તિથી છલોછલ ભરેલી સ્ત્રી બની જાય છે. દરેક વખતે આવું જ બને છે એમ નથી પણ મોટાભાગે આમ જ બનતું હોય છે. જો કે, સંવેદનશીલતાને અનુરૂપ આમાં ફેરફાર ચોક્કસ જણાય છે. આવા સમયે પુત્રના જીવનમાં આવનાર નવી આગંતુક સ્ત્રી અને પુત્ર બંને સાથે મળીને સમજણપૂર્વક વર્તે તો "મા"ને નિરાશાની ખીણમાંથી ચોક્કસપણે બહાર લાવી શકે. દરેક "મા" માટે જેટલો પુત્ર મહત્ત્વનો અને અગત્યનો હોય તેથી એ વિશેષ પુત્રવધૂ બને એ વચ્ચેનો સમયગાળો ખૂબ નાજુક હોય છે. તેને જો સમજણપૂર્વક અને ધીરજથી ઉકેલવામાં આવે તો ઘરનું વાતાવરણ સદાય સંપ-સુખ અને સુમેળભર્યું બની રહે છે. આપણા જીવનમાં આવનારા નવા સંબંધોથી જોડાયા બાદ જન્મજાત મળેલાં સંબંધોથી થોડા દૂર જઈએ તેમ બની શકે પણ સંબંધોનું મૂલ્ય કે તેની તીવ્રતા ક્યારેક ઓછી ન જ થઈ શકે. "મા" એક એવું પાત્ર છે કે જેના માટે પોતાના પરિવાર અને સંતાનોની ખુશી એ જ તેનું અંતિમ લક્ષ્ય હોય છે પણ તેનામાં પણ માનવસહજ અધિકારવૃત્તિ અને ઈર્ષ્યભાવ પ્રગટી શકે! આવા સમયે આપણે જો સભાનરૂપે તેને સમજવાનો પ્રયત્ન કરીએ તો, આજીવન કોઈ પ્રશ્ન ન જ ઉદ્‌ભવે !

બા, સ્ત્રીના દરેક રૂપમાં મેં તને શોધી છે. તને શોધવી છે એટલે સ્ત્રીને ધિક્કારી નથી શકતો, તું મળતી નથી એટલે સ્ત્રીને ચાહી નથી શકતો.

- મધુકર ઉપાધ્યાય

- nehalgadhavi101@gmail.com

કોઈનો પ્રેમ ક્યારેય ઓછો હોતો નથી, આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે : હરીન્દ્ર દવે



પહેલું કિરણ
રમેશ તન્ના

હરીન્દ્ર દવે (૧૯૩૦-૧૯૯૫) ગુજરાતી ભાષાના ટોચના સર્જક. સૌમ્ય, સંવેદનશીલ, સાલસ અને સહજ. તેમનું વ્યક્તિત્વ એકદમ સરળ અને હલકું-ફૂલકું. તેમનું અસ્તિત્વ એવું કે, તેમની હયાતિની સહેજેય ખબર ના પડે. તેઓ હાજર છે એવું કોઈને લાગવા જ ના દે.

મૂળ તો તેઓ પ્રેમના કવિ. 'કોઈનો પ્રેમ ક્યારેય ઓછો હોતો નથી, આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે...' તેમની આ કાવ્ય પંક્તિ કહેવત જેવી બની ગઈ છે. તેઓ 'સૂર્યોપનિષદ'માં કહે છે કે, પ્રેમ એ મારી કવિતા પ્રવૃતિની પ્રથમ અને પરમ નિસબત છે. કોઈ પણ કવિનું મુખ્ય કામ લોકોના હૃદયમાં પ્રેમ ભરવાનું અને સંવેદના ઊગાડવાનું હોય છે. હરીન્દ્ર દવેએ સર્જક તરીકે આ કામ સરસ રીતે કર્યું. તેઓ પત્રકાર અને તંત્રી પણ હતા. તંત્રી તરીકે પણ તેમણે જનશક્તિ અને પછી જન્મભૂમિ પ્રવાસીમાં એવી શબ્દ સાધના કરી જેનાથી સમાજ સ્વસ્થ બને અને લોકોની સંવેદનશીલતામાં વધારો થાય.

હરીન્દ્ર દવે સર્જક તરીકે બહુમુખી વ્યક્તિત્વ ધરાવતા હતા. સાહિત્યના અનેક સ્વરૂપોમાં તેમણે સત્વશીલ કાર્ય કર્યું હતું. નવલકથા, ટૂંકી વાર્તા, નાટક, નિબંધો એમ દરેક ક્ષેત્રમાં તેમણે અધિકારપૂર્વક સુંદર રચનાઓ આપી. પત્રકારત્વનો શબ્દ પણ ઝળહળતો હોઈ શકે, સમાજના અંધાર્યા ખૂણાઓમાં પ્રકાશ પાથરી શકે તે તેમણે સાબિત કર્યું હતું.

પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં,
જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ,
એક તરણું કોળ્યું ને તમે યાદ આવ્યાં.

હરીન્દ્ર દવેની આ રચનામાં આપણને તેમની ઓળખનો અણસાર આવી જાય છે. પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં... આવી પ્રાકૃતિક અને લીલીછમ કલ્પના હરીન્દ્ર દવે જેવો કવિ જ કરી શકે. એમાં પ્રકૃતિ તરફ જવાનો ભાવ પણ છે. ચંદ્ર જોઈને પ્રેમી કે પ્રેમિકા યાદ આવે એ પરંપરાથી પર જઈને લેખક લીલું પાન યાદ કરે છે.

કવિ હરીન્દ્ર દવે ઊર્મિશીલ કવિ છે. તેઓ આત્મલક્ષી છે. ક્યારેક તેમની કવિતાઓમાં સમાજનું દર્દ અને માનવતાના અભાવો પણ છલકાય છે. સીધી રીતે અને સૌમ્યતાથી કહેવાની તેમને ટેવ છે, પરંતુ ક્યારેક તેમની કલમમાં આક્રોશ દેખાય, ક્યારેક કટાક્ષ પણ વર્તાય. પુણ્યપ્રકોપ ઠાલવે તો પણ બહુ શાંતિથી. પુણ્યપ્રકોપ પણ શાંત હોઈ શકે તે જોવું અને સમજવું હોય તો હરીન્દ્ર દવેની કવિતાઓમાંથી પસાર થવું પડે.

આ કવિ કહે છે કે, તું માન કે ન માન, માત્ર પ્યાર જિંદગી.

કવિ કહે છે કે, એક તો આ મહાસાગર, એમાં પ્રેમસમો કીમિયાગર.

સંસારરૂપી મહાસાગરને તરવા માટે પ્રેમ એક માત્ર સાચો અને અક્સિર કીમિયો છે. આ કવિ વારંવાર પ્રેમની વકીલાત કરે છે. પ્રેમની શક્તિને સતત ભાવકની સામે ધરી દે છે. તેઓ કહે છે કે, એક મહોબ્બત છે જગતમાં, જે ટકી જવાની.

વળી એક જગ્યાએ તેઓ એમ પણ કહે છે કે, રે મન, ચાલ મહોબ્બત કરીએ, નદીનાળામાં કોણ મરે, ચલ ડૂબ ઘૂઘવતે દરિયે. આ ભાવના છે કવિની.

કવિ પ્રેમ વિશે એમ પણ કહે છે કે, 'એટલે જ ક્યારેક આ પ્રેમની ખોજ નરી વાચાળતા તરફ લઈ ગઈ છે તો ક્યારેક એવી ક્ષણો સુધી લઈ ગઈ છે, જ્યાં જીવવું એ અનોખો અનુભવ બની જાય છે ! આ ખોજ ક્યાં કવિતા બની છે અને ક્યાં નથી બની એની ચિંતા રહી છે, પણ પરવા નથી રાખી. આ ખોજ હયાતીમાં કરી છે, એટલી જ મૃત્યુમાં પણ કરી છે. કોઈક કોઈક ક્ષણોમાં જ્યાં હયાતી કે મૃત્યુ કોઈનો મહિમા નથી, એવા પ્રદેશનો અનુભવપણ કર્યો છે. એટલે જ જીવનની કવિતા જો મુખરિત પ્રેમગીત હોય તો મૃત્યુની કવિતાને મેં પ્રેમના નિઃશબ્દ છતાં સઘન લોકમાં પ્રતિષ્ઠિત કરવા યત્ન કર્યો છે.'

હરીન્દ્ર દવેની કવિતામાંથી પ્રેમ શોધીએ તો બીજું કશું મળે જ નહીં. પ્રેમ જ પ્રેમ મળે.

કોઈ હવે નામ તારું કોરી ગયું છે,
મારા જીવતરની એક એક ઈંટે.

પ્રેમ અને પ્રતીક્ષાની વાત આ કવિ સાવ જુદી રીતે કરે છેઃ વનમાં વન નંદનવન, સજની !

મનમાં મન એક તારું.
પળમાં એક પળ પિયામિલનની,
રહી રહીને સંભારું.

હરીન્દ્ર દવેના પ્રેમમાં રસના ચટકા પણ છે. સાંભળોઃ

હોઠ હસે તો ફાગુન,
ગોરી ! આંખ ઝરે તો સાવન,
મોસમ મારી તું જ,
કાળની મિથ્યા આવનજાવન.

આ કાવ્ય પંક્તિઓમાં કવિ બરાબર ખીલ્યા છે. આમાં કલ્પનો પણ શીખર ઉપર છે અને ભાવ પણ ગહન છે. આ જ કવિતામાં કવિ એમ પણ કહે છે કે,

એક જ તવ અણસારે,
મારા વિશ્વ તણું સંચાલન...

વાહ. જાણે કે પરમ ચેતનાને કવિ કહેતા હોય તેવો ભાવ અહીં વ્યક્ત થાય છે.

કવિ પ્રેમની ઉત્કટતાને આ રીતે પણ વ્યક્ત કરે છેઃ

તેં પૂછ્યો પ્રેમનો મર્મ,
અને હું દઈ બેઠો આલિંગન.

હરીન્દ્ર દવેના પ્રણય કાવ્યો જો નવી પેઢી વાંચે તો સાચો પ્રેમ કોને કહેવાય તેનું દરેકને સરનામું મળી જાય.

કવિ કહે છે, તપતી નજર કેરા સ્પર્શે ઊડી જાય એવું ઝાકળ એ નથી મારો પ્રેમ...

વળી કવિ એમ પણ કહે છે કે, અગત્સ્ય ન શોષી શકે, એવા પ્રેમસાગરમાં, ડૂબી તરવાનો તને આવડે છે મંત્ર ?

પ્રેમના અર્થને તેઓ આ રીતે પણ આપણી સામે મૂકી આપે છેઃ

આ ત્રણ અબજ માણસોને,
નથી સમજાયો એ અર્થ,
તારા હોથ પર મઢેલા,
ગાઢ ચૂંબનમાં હોય કે ન હોય,
મારાં બિડાતાં પોપચામાં અવશ્ય છે.

અને કોઈક બિંદુ પર પ્રેમ અને ભક્તિ એકરૂપ થઈ જાય છે અને કવિ હરીન્દ્ર દવે કહે છે કે,

મને તમારી સંગ પ્રભુની પરમક્ષણોમાં
અમલ પ્યાલી મળી.

સુરેશ દલાલ સાવ સાચું જ કહે છે કે, આ કવિ પ્રેમમાં આધ્યાત્મિકતા જુએ છે અને આધ્યાત્મિકતામાં પ્રેમ.

નારાયણ દેસાઈએ એક વખત કહ્યું હતું કે, મારા હૃદય પર ગુજરાતી ગદ્ય કરતાં પદ્યની વધુ અસર પડી છે. હરીન્દ્ર દવેની 'માધવ ક્ય